# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC
(CGPA 3.05)

**પરિપત્ર :–**

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ / સેલ્ફ ફાઈનાન્સ લો કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે વિદ્યાર્થીઓના પ્રવેશની તમામ પ્રક્રિયા કોલેજ કક્ષાએથી ઓનલાઈન કરવાની રહેશે, વિદ્યાર્થી ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા વર્ષ ૨૦૧૬–૧૭ નું શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા પૂર્ણ થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

કાયદા વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ એલએલ.બી. માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે ત્યારે પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓની સંખ્યા અને અનામત નિતી નકકી કરવામાં આવેલ છે તે અનુસાર જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે તેમજ સરકારશ્રી અને યુનિવર્સિટી ધ્વારા વખતો વખત જે વિગતો અને માહિતી મંગાવવામાં આવે તે રજૂ કરવાની રહેશે. સરકારશ્રી અને યુનિવર્સિટી ધ્વારા અનામત અંગે કરેલ જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે ત્યારબાદ જ એનરોલમેન્ટ સ્વિકારવામાં આવશે.

વધુમાં સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ / સેલ્ફ ફાઈનાન્સ લો કોલેજોને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી ધ્વારા મંજૂર કરવામાં આવેલ ઈન્ટેક મુજબ જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે, વધારાના આપેલ વિદ્યાર્થી પ્રવેશના એનરોલમેન્ટ સ્વિકારવામાં આવશે નહિ અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી સંચાલકશ્રી / આચાર્યશ્રીઓની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

કુલસચિવ

નં. જોડાણ / ૨ / ૩૫૨૬ / '૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા.૧૫/૦૧/'૧૬

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ / સેલ્ફ ફાઈનાન્સ લો કોલેજ તરફ.....

**નકલ રવાના :–**

૧) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ
૩) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે